# INTRODUCTION ABOUT PREVENTIVE VIGILANCE

# નિવારાત્મક તકેદારી નિરીક્ષણ: પરિચય

1

DIPAK RATHOD
EXECUTIVE ENGINEER
GUJARAT VIGILENCE COMMISSION
GANDHINAGAR
Phone: +91 79232 57728 (O);  +91 98258 13931 (M)
Email: exen1vc@Gujarat.gov.in

# ગુજરાત તકેદારી આયોગ

- ભારત સરકાર દ્વારા 'કેન્દ્રીય સતર્કતા આયોગ'ની રચના બાદ, રાજ્ય સ્તરે પણ સમાન હેતુ માટેના તંત્રની જરૂરિયાત જણાઈ
- રાજ્ય સરકારના સા.વ.વિભાગના તા.૧૭/૪/૧૯૬૪ના પરિપત્રથી સ્થાપના
- **હેતુ:** સરકારી તંત્રમાં થતા ભ્રષ્ટાચારને રોકવા સંદર્ભેની કાર્યવાહી
- **Headed By:** માન.આયુક્તશ્રી
- **Attached to:** ગૃહ વિભાગ, ગુજરાત સરકાર
- **કામગીરી:** તપાસ કરવી, કરાવવી અને થયેલ તપાસના અંતે જવાબદાર જણાયેલ સામે કાર્યવાહી અંગે સરકારને ભલામણો કરવી

# ગુજરાત તકેદારી આયોગ

- આયોગનું સરનામું: ગુજરાત તકેદારી આયોગ,
  તકેદારી ભવન,
  સેક્ટર-૧૦બી,
  છ-૫ સર્કલની પાસે,
  ગાંધીનગર – ૩૮૨ ૦૧૦
- આયોગની વેબ સાઈટ: https://gvc.gujarat.gov.in
- આયોગના ફોન નંબર: ૦૭૯-૨૩૨૫૬૯૧૮
- આયોગના ફેક્સ નંબર: ૦૭૯-૨૩૨૫૪૫૩૨
- આયોગનું ઈ-મેઈલ એડ્રેસ: secyvc@gujarat.gov.in

# નિવારાત્મક તકેદારી નિરીક્ષણ

ગુજરાત તકેદારી આયોગ દ્વારા તા.૧૩/૯/૨૦૦૬ (અને ત્યાર બાદ તા.૧૩/૮/૨૦૦૮)ના પરિપત્રથી, માર્ગદર્શક સુચનો જાહેર કરવામાં આવ્યા. જેમાં નિવારાત્મક તકેદારી નિરીક્ષણ કેવા સંજોગોમાં હાથ ધરવું અને નિરીક્ષણમાં વિભાગે/ખાતાએ/કચેરીએ કઇ કઇ બાબતો આવરી લેવી, તેની જાણકારી અપાઇ છે.

તે પૈકીની એક મહત્વની બાબત,

- રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નિયમો/વિનિયમોનો દેખીતી રીતે ભંગ કરવામાં આવતો હોય અથવા નિયમોનું મનસ્વી અર્થઘટન કરીને વહીવટ કરવામાં આવતો હોવાનું પ્રાથમિક દૃષ્ટિએ જણાતું હોય.

# નિવારાત્મક તકેદારી નિરીક્ષણ

5

- વર્ષ-૨૦૦૭થી શરૂઆત
- અત્યાર સુધી આશરે ૫૫૦ કામોનું નિરીક્ષણ કરવામાં આવ્યું છે.
- આયોગના દર વર્ષના વાર્ષિક વહીવટી અહેવાલમાં, જે તે વર્ષમાં કરવામાં આવેલ નિવારાત્મક તકેદારી નિરીક્ષણ દરમ્યાન જોવા મળેલી મહત્વની બાબતો અંગેનું એક પ્રકરણ મુકવામાં આવે છે. જેને દરેક વિભાગે ધ્યાને લેવું જોઈએ અને પોતાના વિભાગમાં તેને અનુલક્ષીને કરવાની થતી જરૂરી સુધારાત્મક કાર્યવાહી કરવી જોઈએ.

# નિવારાત્મક તકેદારી નિરીક્ષણનો હેતુ

- કામ પૂર્ણ થયા બાદ અનિયમિતતા થયા અંગે તપાસ કાર્યવાહી કરવાના બદલે, ચાલુ કામે જ તે અંગે નિવારાત્મક પગલાં લેવાય, તે માટે જે તે વિભાગનું ધ્યાન દોરવું
- રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નિયમોનું યોગ્ય રીતે પાલન થાય છે કે કેમ? તે જોવું
- ટેન્ડર શરતો અને સ્પેસીફિકેશનનું યોગ્ય રીતે પાલન થાય છે કે કેમ? તે જોવું
- જો નિરીક્ષણ દરમ્યાન મોટી અનિયમિતતા ધ્યાને આવે તો તપાસ અને શિક્ષાત્મક ભલામણો અંગેની નિયમાનુસારની કાર્યવાહી કરવી

# નિવારાત્મક તકેદારી નિરીક્ષણ અંગેની કાર્યપધ્ધતિ



- કામોની પસંદગી
- કામ અંગેની પ્રાથમિક માહિતી મેળવવી
- કામનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવું, ફીલ્ડ ટેસ્ટ કરવા/કરાવવા, લેબ ટેસ્ટ માટેના સેમ્પલો લેવા, 'ગેરી'માં ટેસ્ટ કરવવા
- સ્થળ પર કામના સંબંધિતોની હાજરીમાં રોજકામ કરવું
- કામને લગતું રેકર્ડ મેળવવું
- કામની સ્થળ મુલાકાત અને રેકર્ડને ધ્યાને રાખીને નિરીક્ષણ નોંધ આપવી અને એકશન ટેકન રીપોર્ટ મેળવવો
- વિભાગના ATR અંગે આયોગનો અભિપ્રાય આપવો
- ગંભીર અનિયમિતતાના કિસ્સામાં શિક્ષાત્મક કાર્યવાહી અંગેની ભલામણો આપવી

# નિરીક્ષણ ટીમ

- આયોગના મુખ્ય ઈજનેર અને નાયબ કાર્યપાલક ઈજનેર

**અથવા**

- આયોગના અધિક્ષક ઈજનેર, કાર્યપાલક ઈજનેર અને મદદનીશ ઈજનેર

**અથવા**

- આયોગના કાર્યપાલક ઈજનેર અને મદદનીશ ઈજનેર

**અથવા**

- ઉપરોક્ત ટીમ સાથે, કામના નિરીક્ષણની બાબત અને જરૂરિયાત મુજબના, સરકારી કે બીન સરકારી તજજ્ઞ

# કામના નિરીક્ષણ અંગેની બાબતો (૧/૨)



- કામની ગુણવત્તા અંગે સ્થળ નિરીક્ષણ અને ટેન્ડર શરતો/સ્પેસીફિકેશનનું કરવામાં આવતું અનુસરણ
- કામના Quality Assurance Planનું અનુસરણ
- સાઈટ પર નિભાવવાનો થતો અને ખરેખર નિભાવવામાં આવતો રેકર્ડ
- માપપોથીમાં નોંધાયેલ માપો અને સ્થળ પરના માપો
- એડવાન્સ પેમેન્ટ, સ્ટાર રેટ, પ્રાઈસ એસ્કેલેશન, બીલમાંથી કરવાની થતી કપાતો અંગે ટેન્ડર શરતોનું અનુસરણ
- કામની સમયમર્યાદા, તેમાં વધારો, તેની મંજુરી અને કામના ટાઈમ શેડ્યુલનું અનુસરણ

# કામના નિરીક્ષણ અંગેની બાબતો (૨/૨)

- વધારા/ઘટાડાની મંજુરી અને તેના ચુકવણા
- લીક્વીડેટેડ ડેમેજ અંગેની ટેન્ડર શરતનું અનુસરણ
- લેબર લાયસન્સ/લેબર ઈન્સ્યુરન્સ અંગેની ટેન્ડર શરતો અને કાયદાની જોગવાઈનું અનુસરણ
- કામ સાથે જોડાયેલ PMC કે TPI સાથેના કરાર અનુસારની જવાબદારીઓ અને તેનો ખરેખર જોવા મળતો રોલ
- કામને લગતી વહીવટી, તાંત્રિક, ડીટીપી, ટેન્ડર વગેરેની મંજુરીઓ
- ટેન્ડર ઈવોલ્યુશન પ્રોસેસ, વર્ક ઓર્ડર, એગ્રીમેન્ટ

# કામના સ્થળ નિરીક્ષણ
# અને
# રેકર્ડ ચકાસણી દરમ્યાન
# સામાન્ય રીતે જોવા મળતી અનિયમિતતાઓ

# કામની વહીવટી અને તાંત્રિક બાબતો (૧/૭)

- કામની વહીવટી, તાંત્રિક, આલેખન, ડી.ટી.પી., ટેન્ડર વગેરેની મંજુરી ન હોવી અથવા સક્ષમ કક્ષાની ન હોવી (ખાસ કરીને મધ્યમ અને નાના કામોમાં)
- મંજુરીઓમાં મુકવામાં આવેલ શરતોનું પાલન ન થવું અથવા અતિશય શરતોને આધિન મંજુરી હોવી
- અંદાજો Inflated હોવા અને આઈટમોની જરૂરિયાત જસ્ટીફાઈડ ન હોવી
- કામના સ્પેસીફિકેશન/Scope of workમાં, સક્ષમ કક્ષાની મંજુરી વગર મોટા ફેરફારો કરવા, જેથી ઈજારદારોને ફાયદો પહોંચી શકે
- કામના અંદાજોમાં આલેખન મુજબની તમામ જરૂરી આઈટમોનો સમાવેશ ન કરવો, જેથી એક્સેસ થવું

# કામની વહીવટી અને તાંત્રિક બાબતો (૨/૭)



- ઈજારદાર પાસે વેલીડ સમયગાળાનું, લેબર સંખ્યાનું લેબર લાયસન્સ/લેબર ઈન્સ્યોરન્સ ન હોવું અને તેમ છતાં તેમની સામે કોઈ પગલાં ન લેવા
- જીયોલોજીકલ ટેસ્ટીંગ વગર જ, અંદાજીત SBCના આધારે આલેખન કરવું; જીયોલોજીકલ ટેસ્ટીંગ બાદ ખોદાણનો વેઈટેડ રેટ નક્કી કરેલ હોવા છતાં, ખરેખર જોવા મળતા ખોદાણના મટીરીયલમાં મોટો તફાવત હોવો; જેથી ઈજારદારને Un Due ફાયદો કરાવવો
- જરૂરિયાતથી વધુ જથ્થાની ખરીદી કરવી, જેથી ભવિષ્યમાં જથ્થો બીન ઉપયોગી/સરપ્લસ બને અને વિભાગને નાણાંકીય ભારણ પડે, તેવી કામગીરી કરવી
- ટેન્ડર શરત હોવા છતાં, કંટ્રોલ્ડ કોન્ક્રીટની મિક્ષ ડિઝાઈન ન કરાવવી

# કામની વહીવટી અને તાંત્રિક બાબતો (૩/૭)



- રી-ટેન્ડરીંગ વખતે, અગાઉના ટેન્ડર સમયે ખરીદેલ માલસામાનના સ્ટોકને ધ્યાને લીધા સિવાય, નવી જ ખરીદી કરવી અને વિભાગને નાણાંકીય ભારણ પડે તેવી કાર્યવાહી કરવી
- સક્ષમ કક્ષાની મંજુરી વગર, એક જ કામના નાના નાના ભાગલા પાડી, મંજુરીની સત્તાનો દુરુપયોગ કરવો
- એરીયા બેઝ્ડ અને સ્ટેજ પેમેન્ટવાળા મકાન બાંધકામ જેવા કામોની આઈટમોના સ્પેસીફિકેશન સ્પષ્ટ ન હોવા
- એસ.ઓ.આર. બહારની આઈટમ માટે કામના રેટ એનાલીસીસની સક્ષમ કક્ષાની મંજુરી ન હોવી
- હીડન આઈટમોના માપોની રેકર્ડ એન્ટ્રી કરીને ન નોંધવા

# કામની વહીવટી અને તાંત્રિક બાબતો (૪/૭)

- કામની સમય મર્યાદા પૂર્ણ થયેલ હોવા છતાં, સમય મર્યાદા વધારની મંજુરી/દરખાસ્ત ન હોવી
- રેતી/કપચી માટે અમુક ક્વોરીનો ટેન્ડરમાં સ્પષ્ટ ઉલ્લેખ હોવા છતાં, બીજા સ્થળેથી માલસામાન મેળવવો
- કોન્ક્રીટ ક્યુબ કાસ્ટીંગ કરતી વખતે engraving કરવાના બદલે, પાછળથી ઓઇલ પેઈન્ટથી વિગતો લખવી
- કામના QAPની સક્ષમ કક્ષાની મંજુરી ન મેળવવી; મંજુર QAP મુજબ ટેસ્ટીંગ કાર્યવાહી ન કરવી
- માર્કેટમાં ઉપલબ્ધ ન હોય તેવી બ્રાંડનો વેન્ડર લીસ્ટમાં સમાવેશ કરવો અને સક્ષમ કક્ષાની મંજુરી વગર, વેન્ડર લીસ્ટ સિવાયની આઈટમોનો કામમાં ઉપયોગ કરવો

# કામની વહીવટી અને તાંત્રિક બાબતો (૫/૭)

16

- કામની સાઈટ પર પુરતી સંખ્યામાં ટેસ્ટ ન લેવા; અમાન્ય ખાનગી લેબોરેટરીમાં અને અપુરતું ટેસ્ટીંગ કરાવવું; નિયત માત્રાનું ટેસ્ટીંગ 'ગેરી'માં ન કરાવવું
- સાઈટ પરની લેબોરેટરીમાં ફીલ્ડ ટેસ્ટ માટેના જરૂરી, પુરતા અને કેલીબ્રેશનવાળા સાધનો ન હોવા
- ખરેખર ટેસ્ટીંગ કાર્યવાહી કર્યા વગર, ફેબ્રીકેટેડ ફીલ્ડ રેકર્ડ ઉભો કરવો
- સિમેન્ટ સ્ટોરની યોગ્યતા, માપ અને તેમાં રહેલ સ્ટોકની અનિયમિતતા
- દૈનિક થતા કોન્ક્રીટીંગને ધ્યાને રાખીને, ૨૮-દિવસના ક્યુબને સમાવી શકે તેટલી ક્યુબ ક્યુરીંગ ટેન્કની સાઈઝ ન હોવી; ક્યુરીંગ ટેન્ક જર્જર હાલતમાં હોવી

# કામની વહીવટી અને તાંત્રિક બાબતો (૬/૭)

- ખોદાણમાંથી નીકળતી વેલ્યુએબલ મીનરલ કે હાર્ડ રોકનો યોગ્ય રીતે નિકાલ ન કરવો
- કામને લગતા ફીલ્ડ રજીસ્ટરો અને અન્ય રેકર્ડ ન નિભાવવો
- કોન્ક્રીટ કોરની સ્ટ્રેંથ નિયત ધારાધોરણ મુજબ ન મળવી
- માપપોથીમાં અતાર્કિક ક્રમમાં માપો નોંધવા
- લેવલ બુક ન નિભાવવી
- કામના આઈટમ ડીસ્ક્રીપ્શન અને સ્પેસીફિકેશનમાં વિસંગતતા હોવી
- ટેન્ડરમાં દર્શાવેલ સિમેન્ટ લેવલ કરતાં, મિક્ષ ડિઝાઈનમાં આવેલ વધુ કે ઓછા સિમેન્ટ લેવલ માટે ચુકવાણું કે રીકવરી કરવા અંગેની ટેન્ડરમાં સ્પષ્ટતા ન હોવી

# કામની વહીવટી અને તાંત્રિક બાબતો (૭/૭)

- કામની સમયમર્યાદા અવાસ્તવિક રીતે નક્કી કરવી
- ઈજારદાર દ્વારા ટેન્ડર શરત મુજબનો ટેકનીકલ સ્ટાફ ઉપલબ્ધ ન કરાવવા છતાં, તે અંગે કોઈ કાર્યવાહી ન કરવી
- સિમેન્ટ રજીસ્ટરમાં, થયેલ કોન્ક્રીટ કામનું લોકેશન/લેવલ ન નોંધવું
- ઈલેક્ટ્રોનિક કોન્ક્રીટ વે-બેચીંગ પ્લાન્ટના કોઈ જાતના કેલીબ્રેશન વગર જ ઉપયોગ

# કામના ચુકવણાને લગતી બાબતો (૧/૨)

- ટેન્ડર જથ્થાથી વધારાના જથ્થા/વધારાની આઈટમની સક્ષમ કક્ષાની મંજુરી વગર, સત્તા બહાર ચુકવણું કરવું
- માલસામાનની રોયલ્ટી અંગે નો-ડ્યુ મેળવવાની ટેન્ડર શરતને અવગણીને ચુકવણું કરી દેવું
- ટાઈમ શેડ્યુલ મુજબ કામની પ્રગતિ ન જળવાયેલ હોવા છતાં, નિયમાનુસારની લીક્વીડેટેડ ડેમેજીસની બીલમાંથી વસુલાત ન કરવી
- કામની પ્રગતિ ન જળવાયેલ હોવા છતાં, ઈજારદારને ટેન્ડર શરતો મુજબની નોટિસ ન આપવી
- કામની સાઈટ પર જોવા મળતા માપ અને માપપોથીમાં નોંધાયેલ માપમાં વિસંગતતા હોવી; ન થયેલ કામનું પણ ચુકવણું કરવું

# કામના ચુકવણાને લગતી બાબતો (૨/૨)



- પાઈપોનું ટેન્ડર શરત મુજબનું હાઈડ્રોલીક ટેસ્ટીંગ કરાવ્યા વગર જ ચુકવણું કરી દેવું
- બીલોમાં માપોનું નિયમાનુસારનું ચેકીંગ ન હોવું તેમ છતાં ચુકવણું કરવું
- PMC કે TPI સાથેના કરાર મુજબ, તેઓએ કરવાની કાર્યવાહી થયા વગર જ તેઓનું ચુકવણું કરવું
- ઈજારદાર પાસેથી રનીંગ બીલોમાં ડીપોઝીટ પેટે વસુલાત કરેલ રકમને સક્ષમ કક્ષાની જે તે બાબતની મંજુરી મેળવ્યા વગર પરત ચુકવણું કરી દેવું
- ઈજારદાર પાસેથી વસુલાત કરવા અંગેની પરિણામલક્ષી કાર્યવાહી ન કરવી

# THANKS…

# ધન્યવાદ…